દિલ્હી ગેંગ રેપમાં ચાર આરોપીઓ દોષી જાહેર

નવી દિલ્હી, તા.૧૦

૧૬મી ડિસેમ્બર ૨૦૧૨માં દેશની રાજધાની દિલ્હીમાં થયેલા સામૂહિક બળાત્કાર કેસમાં સાકેત કોર્ટે ચારેય આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. કોર્ટના ન્યાયધીશ યોગેશ ખન્નાએ ચારેય આરોપીઓ મુકેશ સિંહ, પવન ગુપ્તા, વિનય શર્મા, અક્ષય ઠાકુરને દોષિત જાહેર કરતા જણાવ્યુ હતુકે તેમની સજાની જોહેરાત આવતીકાલે કરવામાં આવશે. આ કેસમાં કુલ છ આરોપીઓ હતા જેમાંથી એક રામ સિંહે તિહાર જેલમાં આત્મહત્યા કરી લીધી હતી જ્યારે અન્ય એક આરોપી સગીર વયનો હોવાથી થોડાક દિવસ પહેલા જ તેને દોષિત જાહેર કરી ત્રણ વર્ષ માટે રિમાન્ડ હોમમાં મોકલી અપાયો છે. જ્યારે બાકીના ચારેય આરોપીઓ પર ગેંગરેપ, હત્યા, લૂંટ, અપહરણ સહિત કુલ ૧૩ આરોપો લગાવવામાં આવ્યા હતા. પીડિતાએ મૃત્યુ પહેલા આપેલા નિવેદન અને સાક્ષીઓ પર વિશ્વાસ રાખીને અદાલતે ચારેય આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. ન્યાયધીશે જણાવ્યું હતુ કે ચારેય આરોપીઓ કલમ ૩૦૨, ૩૭૬, ૩૭૭, ૩૯૪ ૩૯૫, ૩૯૬, ૩૬૫, ૪૧૨ અને ૨૦૧ સહિત ૧૧ ગુનામાં દોષિત સાબિત થાય છે. જેમને સજાની જાહેરાત આવતીકાલે કરવામાં આવશે. ઉલ્લેખનીય છેકે આ કલમો અંતર્ગત આરોપીઓને વધુમાં વધુ ફાંસીની સજા અને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થઈ શકે છે. જ્યારે બીજી બાજુ આરોપીઓના વકીલે જણાવ્યું હતુ કે સાકેત કોર્ટના ચુકાદા સામે તેઓ હાઈકોર્ટમાં અપીલ કરશે. આજે કોર્ટમાં જજ યોગેશ ખન્ના ચુકાદાની નકલ લઈને આવ્યા હતા. તેમણે આવતાની સાથે જ ચુકાદો વાંચવાનું શરૂ કર્યુ હતુ. પાંચ મિનિટમાં જ

અદાલતની કાર્યવાહી શરૂ કરાઈ હતી. આ દરમિયાન આરોપીઓ નિવેદન કરવા માંગતા હતા જો કે આજે ચૂકાદાનો દિવસ હોવાથી તેમને પરવાનગી આપવામાં આવી ન હતી. સાકેત કોર્ટની બહાર સાકેત સીટી મોલ છે. આ એજ મોલ છે જ્યાં દુર્ઘટનાના દિવસે પીડિતાએ પોતાના મિત્ર સાથે લાઈફ ઓફ પાઈ ફિલ્મ નિહાળી હતી. ચુકાદો સંભળાવતા સમયે ચારેય આરોપીઓને બે-બેના ગ્રુપમાં રાખવામાં આવ્યા હતા. છેલ્લા એક સપ્તાહથી તેમના પર જેલમાં ખાસ નજર રાખવામાં આવી હતી કારણ કે જેલના અન્ય કેદીઓ તેમના પર હુમલો કરે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી હતી. આ ચૂકાદામાં સૌથી મહત્વપૂર્ણ નિવેદન પીડિતાનું છે જે તેણે મૃત્યુ પહેલા એસડીએમને આપ્યુ હતુ. પીડિતાને જ્યારે પૂછવામાં આવ્યુ કે તે આરોપીઓ માટે કઈ સજા ઈચ્છે છે તો ત્યારે તેણે આરોપીઓ માટે ફાંસી અથવા તેમને જીવતા સળગાવી દેવાની સજાની માંગ કરી હતી. હવે આવતીકાલે દુર્ઘટનાના નવ મહિના બાદ આરોપીઓને સજા અંગે સુનાવણી હાથ ધરાશે. પીડિતાના પરિવારવાળાઓ આરોપીઓને ફાંસીની સજા માંગી રહ્યા છે. પીડિતાની માતાએ અદાલતમાં જણાવ્યું હતુ કે આરોપીઓને ફાંસી આપવાથી દેશમાં કડક સંદેશ પહોંચશે કે કાયદાથી ઉપર કોઈ હોતુ નથી.

સેન્સેક્સમાં ૭૨૭, નિફ્ટીમાં ૨૧૬ પોઈન્ટનો મોટો ઉછાળો

મુંબઈ, તા.૧૦

ભારતીય શેરબાજમાં આજે સતત ચોથા દિવસે સુધારો જોવા મળ્યો છે. જ્યારથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગર્વનર તરીકે રઘુરામ રાજને માર્કેટની કમાન સંભાળી છે ત્યારથી સેન્ટીમેન્ટમાં સુધારો જોવા મળી રહ્યો છે અને બજારમાં તેજીનો મહોલ જોવા મળી રહ્યો છે. આજે સેન્સેક્સમાં ૭૨૭ પોઈન્ટનો સુધારો આવીને ૩.૮ ટકાની મજબુતાઈ આવીને ૧૯,૯૯૭ની સપાટી જોવા મળી હતી, જ્યારે નિફ્ટીમાં ૨૧૬ પોઈન્ટનો સુધારો આવી ૫,૮૯૬નું લેવલ જોવા મળ્યું હતું. આજે ટ્રેડિંગ સેશન દરમિયાન સેન્સેક્સ

૨૦,૦૦૦ અને નિફ્ટી ૫,૯૦૦ની સપાટીને સ્પર્શીને પરત આવ્યા હતા. ભારતીય શેર બજારમાં ઓટો, કોપિટલ ગુડ્સ, કન્ઝુયુમર ડ્યુરેબલ અને એફએમસીજી શેરમાં સારી ખરીદી જોવા મળી હતી. અગ્રણી કંપનીના શેરની સાથે-સાથે મિડકેપ અને સ્મોલ કેપ કંપનીના શેરમાં પણ તેજી રહી હતી. તા. ૨૫ જુલાઈ ૨૦૧૩ પછી નિફ્ટી આજે તેની ઓલ ટાઈમ હાલ સપાટી પર બંધ રહ્યો હતો, જ્યારે સેન્સેક્સ ૨૪ જુલાઈ ૨૦૧૩ પછી તેની ઓલ ટાઈમ હાઈ સપાટી પર પહોંચીને આજે બંધ થયો હતો. વૈશ્વિક બજારોમાં હાલ સિરીયા પરનું સંકટ ટળ્યું હોવાના સમાચારથી અને શરૂઆતના ટ્રેડીંગ સેશનથી ડોલર સામે રૂપિયામાં પણ સુધારો જોવા મળ્યો હોવાથી ભારતીય શેરબજારમાં પણ સુધારો જોવા મળ્યો હતો. ત્રણ દિવસની રજા પછી આજે રોકાણકારોનો પણ બજારમાં રસ જળવાઈ રહ્યો હતો અને પરિણામે ટ્રેડીંગ ઘણા સારા રહ્યા અને તેની અસર બજાર પર જોવા મળી હતી.

મુજફ્ફરનગરમાં હિંસા બેકાબૂ: મૃત્યુઆંક ૩૯ થયો

લખનૌ,તા.૧૦

મુજફ્ફનગરમાં કરફ્યુ, સુરક્ષાની સઘન વ્યવસ્થા અને અનેક અધિકારીઓની તાત્કાલિક બદલી થતાં હિંસક અથડામણો યથાવત્ છે. સ્થિતિ નિયંત્રણમાં હોવાના અખિલેશ સરકારના દાવા વચ્ચે આજે વધુ આઠ લોકોના મોત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. આ સાથે જ મુજરફ્ફનગર હિંસામાં મૃતકોની સંખ્યા વધીને ૩૯ થઈ ગઈ છે. જો કે સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ મૃતકોનો આંકડો ૫૦ને પણ વતાવી ચૂક્યો છે. સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવા માટે સરકારે અત્યાર સુધી ૩૦૦થી વધુ લોકોની ધરપકડ કરી છે અને રમખાણગ્રસ્ત વિસ્તારોમાં તમામ વ્યક્તિઓના હથિયારના લાઈસન્સ રદ કરી દેવાયા છે.

મુજફ્ફનગરના આજે વહેલી સવારે રતનપુરી વિસ્તારમાં બે ભાઈઓની હત્યા કરી હોવાની માહિતી મળી છે. આ ઉપરાંત મીરાંપુરના પડાવચોકમાં તોફાની તોળાએ બાઈક સવાર બે લોકોને ગોળીમારીને હત્યા કરી નાંખી હતી. જેમાંથી એકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું જ્યારે બીજી વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં તીતાવી વિસ્તારમાં

બાઈક ઉપર જઈ રહેલી કાકા ભત્રીજા ઉપર જ રસ્તામાં કેટલાક આસામાજિક તત્ત્વોએ હુમલો કર્યો હતો જેમાં કાકાનું મૃત્યુ નિપજ્યું છે જ્યારે ભત્રીજો ગંભીર રીતે ઘાયલ થયો હતો. સોમવારે મોડી રાત્રે ફટોલીના રતનપુરી પોલીસ સ્ટેશનમાં મંથેડી ગામમાં દૂધનો વ્યવસાય કરતા વેપારીની હત્યા કરાઈ તેની લાશ ખેતરમાં ફેંકી દીધાની ફરિયાદ નોંધાઈ છે. સામની વિસ્તારમાં પણ હિંસા રોકાવાનું નામ જ લેતું નથી. બાબરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પુરમાલી જઈ રહેલી એક યુવકને ગોળી મારી હત્યા કરાઈ હતી અને તેની લાશને નજીકના ખેતરોમાં ફેંકી દેવાઈ હતી. કુરમારી વિસ્તારમાં ૬૦થી વધુ લઘુમતી પરિવારોને પોલીસની હાજરી છતાં સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. છાપરોલીના રાઠોડા ગામમાં પોલીસ તપાસમાં ઘાતક હથિયારોનો જથ્થો મળી આવ્યો હતો.

તંત્ર માટે સૌથી મોટા પડકારરૂપ વાત એ છે કે સુરક્ષા જવાનોને હાજરી છતાં મુજરફ્ફર નગરના ગ્રામીણ વિસ્તારોમાં હિંસા રોકાવાનું નામ નથી લેતી. જાનસથ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કવાલ ગામથી શરૂ થઈ રહેલી હિંસા જોતજોતામાં ગામે ગામ પ્રસરી ચૂકી છે. જાનસથ પોલીસ સ્ટેશનના મોટાભાગના ગામ મિરપુરના આજુબાજુ વિસ્તારો હોપા વિસ્તારના ગામો બુઢાના પોલીસ સ્ટેશન વિસ્તારના ગામો સંપૂર્ણ રીતે હિંસાગ્રસ્ત બન્યા છે. ખતોરી વિસ્તારમાં બે વ્યક્તિઓની હત્યા કરાઈ દીધા બાદ ફરી માહોલ સર્જાયો હતો. સોમવારે મોડી રાત્રે સામલી વિસ્તારમાં પણ હિંસા ફરીથી ભડકી ઊઠી હતી. દયાનંદ નગર નાલાપટ્ટી કલંગશા નંદુપ્રસાદ ગુજરાતીયાના માજરા હાજીપુરા બરથંડી સહિત અનેક વિસ્તારોમાં ફાયરીંગની ઘટનાઓ નોંધાઈ છે. સતત થઈ રહેલી હિંસાથી સ્થાનિક લોકો મોતના ભય નીચે જીવન વ્યથિત કરી રહ્યા છે. પોલીસ અર્ધલશ્કરી દળો સાથે મળીને સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવા પ્રયત્ન કરી રહી છે. જો કે બંને સમુદાય તરફથી થઈ રહેલી હિંસા વચ્ચે પોલીસ પણ લાચાર જણાઈ રહી છે.

અમેરિકામાં સોનિયા ગાંધીને હોસ્પિટલમાં કોર્ટનું સમન્સ

નવી દિલ્હી, તા.૧૦

શિખ સમુદાયના એક માનવઅધિકાર સંગઠને અમેરિકાની જજ પાસેથી કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના નામનું સમન્સ મેળવી લીધુ છે. આ સમન્સ અત્યારે હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલ સોનિયા ગાંધીને આપવામાં આવશે. કોર્ટે હોસ્પિટલના કર્મચારીઓને જણાવ્યું છે કે સોનિયા ગાંધી સુધી સમન્સ પહોંચાડી દે. અમેરિકામાં સારવાર લઈ રહેલ કોંગ્રેસ અધ્યક્ષા સોનિય ગાંધીની ૧૯૮૪માં શિખ સમુદાય વિરુદ્ધ હિંસામાં સામેલ પાર્ટીના નેતાઓને બચાવ કરવાના આરોપસર સમન્સ પાઠવવામાં આવ્યુ હતુ જે શિખ સમુદાયના સંગઠનને આપવામાં આવતા તેઓ હોસ્પિટલમાં જ આ સમન્સ સોનિયા ગાંધીને પાઠવશે. અમેરિકી માનવઅધિકાર સમૂહ શિખ ફોર જસ્ટિસ અને નવેમ્બર ૧૯૮૪ના પીડિતો દ્વારા સોનિયા ગાંધી વિરુદ્ધ એલિયન ટાર્ટ કલમ એક્ટ અને ટોર્ચર વિક્ટમ પ્રોટેક્શન એક્ટ હેઠળ અરજી કરવામાં આવી હતી. આ અંગે અમેરિકી માનવ અધિકાર સમૂહ શિખ ફોર જસ્ટિસ (એસએફજે)ના કાનૂની સલાહકાર ગુરપતવંત પ્રસૂને જણાવ્યું હતુકે સંઘીય અદાલતના જજ બ્રયન કોગાને પોતાના આદેશમાં હોસ્પિટલના કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓને જણાવ્યું છે કે આ સમન્સ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા સોનિયા ગાંધીને સોંપવામાં આવે. ઉલ્લેખનીય છે કે સોનિયા ગાંધી પોતાની સારવાર અર્થે અત્યારે અમેરિકામાં છે. આ પહેલા પણ પાંચ ઓગસ્ટ ૨૦૧૧ના રોજ કોઈ અજ્ઞાત બિમારીના કારણે સોનિયા ગાંધીએ અમેરિકામાં ઓપરેશન કરાવ્યુ હતુ.

કેન્દ્ર સરકારનો ૭ સંવેદનશીલ રાજ્યોને સતર્ક રહેવા આદેશ

નવી દિલ્હી,તા.૧૦

કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશની મુજફ્ફરનગરમાં થયેલી હિંસા બાદ સાત રાજ્યોને એલર્ટ રહેવા માટે સૂચના આપી છે. કેન્દ્ર સરકારે સૂચના આપી છે કે સામાન્ય તકરારોને પણ ગંભીરતાથી લઈ અને ઝડપથી કંટ્રોલમાં કરવામાં આવે. જે સાત રાજ્યોને એલર્ટ કરાયા છે તેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કર્ણાટક, હરિયાણા અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે. આ તમામ રાજ્યોમાં થોડાક સમય અગાઉ નાના મોટા હિંસક બનાવો જોવા મળ્યા છે. કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલય આશંકા વ્યક્ત કરી છે કે નાની-મોટી અથડામણો પણ કોમી રમખાણનું સ્વરૂપ ધારણ કરી શકે છે જેનાથી જાનમાલને ભારે નુકસાન થઈ શકે છે. મુજફ્ફરનગરમાં થયેલ અથડામણમાં અત્યાર સુધી ૩૬ લોકોએ પોતાના જીવ ગુમાવી દીધા છે. આ અથડામણ સામાન્ય છેડછાડની ઘટનામાંથી સર્જાઈ હતી. આ ઉપરાંત બિહારના નવાદા વિસ્તારમાં ગયા મહિને સાંપ્રદાયિક હિંસા થઈ હતી જેમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટના હોટલ પર નોનવેઝ ખાવાના મુદ્દાને લઈને સર્જાઈ હતી. જ્યારે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક અને જમ્મુ કાશ્મીરના છૂટા છવાયા વિસ્તારોમાં નાની નાની બાબતોએ સાંપ્રદાયિક હિંસાનું સ્વરૂપ ધારણ કર્યાના બનાવો બન્યા છે. સરકારે આંકડાઓ મુજબ દેશમાં ૩૧ ઓગસ્ટ સુધી સાંપ્રદાયિક હિંસાના ૪૫૧ વ્યક્તિએ જીવ ગુમાવ્યા છે. ૨૦૧૨માં ૪૧૦ વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતા. આ વાતને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે ૭ રાજ્યોને એલર્ટ રહેવાની સૂચના આપી છે. ગૃહમંત્રાલય ૭ રાજ્ય સરકારોને પત્રો લખીને નાની-નાની અથડામણોને ઝડપથી કાબૂમાં લેવા કાયદા-વ્યવસ્થાની સ્થિતિ ટકાવી લેવા માટે સૂચના આપી છે.

યુએસ ઓપનમાં જોકોવીકને હરાવી નદાલ ચેમ્પિયન બન્યો

ન્યૂયોર્ક,તા.૧૦

સ્પેનના ટેનિસ સ્ટાર રાફેલ નદાલે દુનિયાના ટોચના ક્રમાંકના સરબિયનના નોવાક જોકોવીકને હરાવીને બીજીવાર યુએસ ઓપનના ટાઈટલ ઉપર કબજો જમાવ્યો છે. દુનિયામાં બીજો ક્રમાંક ધરાવતાં ખેલાડી નદાલે યુએસ ઓપનની ફાઈનલમાં જોકોવીકને ૬-૨, ૩-૬, ૬-૪, ૬-૧થી હરાવ્યો હતો. આ સાથે જ નદાલે પોતાની કારકીર્દીનું ૧૩મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતી લીધું હતું. નદાલે ૨૦૧૦માં પણ યુએસ ઓપનનું ટાઈટલ જીત્યું હતું. જો કે ૨૦૧૧ની ફાઈનલમાં તે જોકોવીક સામે હાર્યો હતો.

યુએસ ઓપનને ફાઈનલમાં નદાલ શરૂઆતથી જ જોકોવીક ઉપર પોતાની પકડ મજબૂત બનાવી હતી. નદાલે પ્રથમ સેટ ૬-૨થી આસાનીથી જીતી લીધો હતો. જો કે ત્યારબાદ જોકોવીકે શાનદાર વાપસી કરતા બીજો સેટ ૬-૩થી જીતી મેચમાં ૧-૧ની બરાબરી કરી હતી. જો કે ત્યારબાદ નદાલે પોતાની નેસર્ગિક

રમત દાખવી મેચ ઉપર પોતાની પકડ બનાવી લીધી હતી. નદાલે જોકોવીકને ત્રીજા સેટમાં ૬-૪ અને ચોથા સેટમાં ૬-૧થી હરાવીને યુએસ ઓપનના ટાઈટલ પોતાના નામે કરી દીધું હતું. ત્રણ કલાક ૪૧ મિનિટ સુધી ચાલેરી આ મેરેથોન ફાઈનલમાં ભારે ઉતાર ચઢાવ જોવા મળ્યા હતા.

જો કે અંતે રાફેલ નદાલે નોવાક જોકોવીકને હરાવીને બીજીવાર યુએસ ઓપનનું ટાઈટલ જીત્યું હતું. આ પહેલાં નદાલે સતત ૨૧ મેચ જીતીને યુએસ ઓપનની ટેનિસ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ જ જીત સાથે જ રાફેલ નદાલે દુનિયાના નંબર વન ખેલાડી બનવા માટે જોકોવીક અને તેના વચ્ચે રહેલા આંતરને પણ ઓછું કરી દીધું હતું. ઉલ્લેખનીય છે કે ઘૂંટણમાં સર્જરી કરાવવાના કારણે રાફેલ નદાલ વર્ષ ૨૦૧૨માં યુએસ ઓપનમાં ભાગ લઈ શક્યો ન હતો.

અમેરિકામાં સૌથી વધુ રજિસ્ટ્રેશન

મંગળ પર વસવાટ કરવા ૨૦૭૪૭ ભારતીય તૈયાર

વોશિંગ્ટન, તા.૧૦

મંગળ પર નિવાસ કરવા માંગતા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાઈ રહ્યો છે. જેમાં ભારતીય લોકો પણ પાછળ નથી. માર્શ વન નામના સંગઠને ૨૦૨૩ સુધી મંગળ ઉપર માણસીય વસાહટો સ્થાપવાની યોજના બનાવી છે. જેના માટે અત્યારે ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ છે. આ નોંધણીમાં ભારત અમેરિકા બાદ બીજા નંબરે રહ્યું છે. અત્યાર સુધી દુનિયાભરમાંથી ૨૨૦૫૮૬ લોકોએ મંગળ ગ્રહ ઉપર જવા માટે અને ત્યાં રહેવા માટે નોંધણી કરાવી છે. જેમાં ભારતના ૨૦૭૪૭ લોકોએ નોંધણી કરાવી છે. જ્યારે અમેરિકાના સૌથી વધુ ૪૭૬૫૪ વ્યક્તિઓએ નોંધણી કરાવી છે. માર્શ વન સંગઠનનો દાવો છે કે અત્યારે ઉપલબ્ધ ટેકનોલોજીની મદદથી મંગળ ઉપર વસવાટ શક્ય છે.

ડુંગળીની નિકાસમાં ૮૧ ટકાનો જંગી ઘટાડો નોંધાયો

દેશમાં ડુંગળીના ભાવ આસામાને પહોંચ્યા છે જેને અંકુશમાં લેવા માટે કેન્દ્ર સરકારે ડુંગળીની નિકાસ પર કેટલાક અંકુશો મૂક્યા છે જેના કારણે છેલ્લા એક મહિનામાં ડુંગળીની નિકાસમાં ૮૧ ટકાનો ઘટાડો નોંધાયો છે. સરકારે થોડાક સમય અગાઉ જ ડુંગળીની કિંમતોમાં થયેલા વધારા બાદ ડુંગળીની આયાત માટે પ્રતિ ટન ૬૫૦ ડૉલરનો ભાવ નક્કી કર્યો હતો. જ્યારે બીજી બાજુ ભારતના દક્ષિણ રાજ્યોમાં નવી ડુંગળીની આયાત શરૂ થવા છતાં તેના છૂટક ભાવોમાં હજુ સુધી કોઈ ઘટાડો નોંધાયો નથી. ડુંગળી અત્યારે પણ બજારમાં ૬૦થી ૭૦ રૂપિયાના કિલોના ભાવે વેચાઈ રહી છે.

સરકારી સંસ્થા નોફેડના જણાવ્યા મુજબ ગત વર્ષેઓગસ્ટમાં ૧૫૬૨૮૩ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી હતી જેની તુલનામાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં માત્ર ૨૯૨૪૭૭ ટન ડુંગળીની નિકાસ કરાઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ આ આંકડામાં હજુ પણ ઘટાડો નોંધાઈ શકે તેમ છે. બજારમાં ડુંગળીની આવકમાં વધારો થયા બાદ અને નિકાસના નવા ભાવ જાહેર થયા બાદ જ ડુંગળીના નિકાસની કાર્યવાહી ફરી શરૂ થાય તેવી શક્યતા છે.

એલજીનું જીપેડ ૮.૩ ટેબલેટ વર્ષના અંત સુધી લોંચ કરાશે

કોરિયા, તા.૧૦

દક્ષિણ કોરિયાની કંપની એલજી ઈલેક્ટ્રોનીક્સ પોતાનું નવી ટેબલેટ જીપેડ ૮.૩ આ વર્ષના અંત સુધી ૩૦ દેશોમાં લોંચ કરશે. એક કોરિયન રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકાના ૩૦ દેશોમાં જીપેડ ૮.૩ને સપ્લાય કરવામાં આવશે. કંપનીએ બર્લિનમાં યોજાઈ રહેલ આઈએફએ ટ્રેડ શોમાં પોતાના ટેબલેટને લોંચ કરી લોકોને તેના ફ્યુચર્સથી માહિતગાર કરશે. જો કે કંપનીએ ટેબલેટની કિંમત કેટલી રહેશે તે અંગે કોઈ ખુલાસો કર્યો નથી.

એન્ડ્રોઈડ ૪.૨ જીબી મેમરી ધરાવતાં ૧૯૨૦૮૧૨૦૦ ફિક્સલના આ ટેબલેટમાં ૮.૩ ઈંચની ડિસ્પ્લે રાખવામાં આવી છે જેમાં ૧.૭ ગીગાહટ પ્રોસેસીંગ સ્પીડ બે જીબી રેમ, આઠ મેગાફિક્સલનો કેમેરો, ૧.૩ મેગા ફિક્સલ ફ્રન્ટ કેમેરા, પેડ અને ૪૬૦૦ એમએએચની બેટરી છે. ૧૬ જીબીની ઈનબીલ્ટ મેમરી ધરાવતાં આ ટેબલેટની સાઈઝ ૨૧૬.૮૮૧૨૬.૮૮૮.૩ મિમી છે.

દિલ્હીમાં પ્રોપર્ટીના ભાવમાં ૩૦-૩૫ ટકા જંગી ઘટાડો

નવી દિલ્હી,તા.૧૦

નવી દિલ્હીમાં વૈભવી ગણાતા સાઉથ દિલ્હી વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં પ્રોપર્ટીના ભાવમાં ૩૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે. આર્થિક સંકળામણ વચ્ચે મંદીનો માર્ગ ઝીલી રહેલ બિલ્ડરો રોકાણકારોને મોટા ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. છ મહિના પહેલા આ વિસ્તારમાં માત્ર મોટા બિલ્ડરો ડિસ્કાઉન્ટ આપતા હતા. જો કે અર્થતંત્રમાં આવેલ નિર્માસ પછી તમામ બિલ્ડરો ડિસ્કાઉન્ટ આપીને પણ પ્રોપર્ટીનું વેચાણ કરવા માગી રહ્યા છે. મકાનોનું વેચાણ કરનારાઓમાં એવા પણ બિઝનેસ મેનનો સમાવેશ થાય છે જેમણે એક-બે વર્ષ પહેલાં મસ મોટી રકમ ચૂકવીને મકાનો ખરીદ્યા હતા.

પ્રોપર્ટી બ્રોકીંગ ફર્મ ઈન્ડિયા હોમ્સના મેનેજિંગ ડાયરેક્ટર સરબજીતસિંહના જણાવ્યા મુજબ બિલ્ડરો ઓછી કિંમતો પર કરોડોનું વેચાણ કરી રહ્યા છે. અર્થતંત્રમાં મંદીના કારણે રોકાણકારોએ અને સામાન્ય ગ્રાહકો ઘર લેવામાં ખચકાટ અનુભવ કરી રહ્યા છે અને જે લોકો મકાન લેવા માગે છે તે સસ્તા ભાવે મકાન મળે તેમ ઈચ્છી રહ્યા છે. જેના કારણે બિલ્ડરો મકાનોના ભાવતોલ કરીને પણ વેચાણ કરી રહ્યા છે. કેટલાક બિલ્ડરોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે જે ગ્રાહકો મળતાં હોય તો મકાનોના ભાવ ઘટાડીને પણ તેઓ વેચવા તૈયાર છે. સાઉથ દિલ્હીમાં તમામ સોસાયટી વિસ્તારોમાં પ્રોપર્ટીના વેચાણમાં મંદી જોવા મળી રહી છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

શેફાલી : (માથું એટલું ગરમ તપી ગયું છે કે ઈંડુ ફોડી મુકીએ તો આમલેટ બની જાય) : બેન, ઉત્તરાખંડ ભારતનું એક રાજય છે, ગામડું નથી, એને પહેલાં ઉત્તરાચંલ કહેતા, એની રાજધાની દહેરાદૂન છે, નકશો જુઓ ઉત્તરપ્રદેશનાં માથા પર આવેલું છે...

કંપની : .....

શેફાલી : હલ્લો, હલ્લો...

કંપની : તમારૂં રોમિંગ ચાલું જ છે મેડમ... કનેક્ટિવીટી કટ.... શેફાલી કંપનીનો ડાયલોગ મહાદેવ એવાં કોપાયમાન થયાં કે ઉત્તરાખંડના બધા ટાવર હચમચાવી નાંખ્યા અને શેફાલી ઉત્તરાખંડ જવાથી અને રોમિંગથી બચી ગઈ...

ચૂંટલો :

મોબાઈલ સર્વિસ પ્રોવાઈડ કરતી કંપનીનાં નેટવર્કમાં ક્યારેક એવા ફસાવાય કે લેન્ડલાઈનની જેમ અમુક જગ્યાએ, અમુક દિશામાં બેસવાથી જ નેટવર્ક પકડાય અને વાત થાય, કંપની તો એક જવાબ આપે બસ બે-ચાર દિવસમાં જ તમારો પ્રોબ્લેમ સોલ્વ, હેલો હેલો નેટવર્ક ગયું!!

ગુલમહોર (પાના નં. ૪નું ચાલુ)

હા, આ લડાઈમાં ઝઝુમવાનું આવે, સહન કરવાનું આવે અને રાહ જોવાનું પણ આવે. કારણ કે પરિણામ રાતોરાત ન મળે. સત્યનો માર્ગ કાંટાળો છે. ચાલતા વાર પણ લાગે અને કાંટાનો અવરોધ પણ લાગે. પરંતુ એક વાર વાટ પકડી લીધા પછી રાહ આસાન લાગવા માંડે છે. એ માર્ગની વિશેષતા જ એ કે સફળતા સામેથી આવી મળે.

અમદાવાદના સાબરમતી - ગાંધી આશ્રમના સંચાલકશ્રી અમૃતલાલ મોદીએ એક વાર કહ્યું હતું કે ''ગાંધીજી આજે પણ હયાત છે. આપણી આસપાસમાં જ છે. ગાંધીવિચારને અપનાવીએ, એમાં જ બાપુની હાજરી સામેલ થઈ જાય છે. બાપુ કહે છે એ વાત જીવનમાં અપનાવીએ તો પછી લડાઈ - ઝગડો કે ટંટો-ફિસાદ (ફરિયાદ) રહે જ નહીં.'' પરંતુ હકીકત એ છે કે હંમેશા એમ બનતું નથી. એટલે જ બાપુને, એટલે કે સત્યને મૌન રહેવાનો વારો આવે છે. તમે શું ચાહો છો, શાંતિ કે અશાંતિ? આવો, બાપુના રસ્તે ચાલી જોઈએ. એક ડગલું માંડી જોઈએ. પ્રયત્ન તો કરી જોઈએ.

સ્ટોપર:

here is no alternative of truth. સત્યનો કોઈ પર્યાય નથી.

સમાચાર ઝલક

- ♥ દિલ્હી ગેંગરેપના ચારેય આરોપીએને સજા ફટકારી, નવા કાનૂન પ્રમાણે સજા થઇ.
- ♥ સિરીયા ઝેરી રાસાણયિક હથિયારો સોંપી દેશે તો હુમલો ટળશે : અમેરિકા
- ♥ સૂરતમાં પાંચ વેપારીઓએ કાપડ ઉદ્યોગમાં ઉઠમણું કરતાં પોલીસે ધરપકડ કરી.
- ♥ ભાવનગરમાં દલાલીના પ્રશ્ને હીરા ઉદ્યોગ બંધ.
- ♥ ભરૂચ-અંકલેશ્વર ૬ લેન રસ્તો બનશે તથા નવો પુલ થશે.
- ♥ શેરબજાર અને રૂપિયો મજબૂત થયો.
- ♥ ઇટાવા તથા અને ઉત્તરપ્રદેશમાં હજુ પથ્થરમારા આગના બનાવો ચથાવત, પરિસ્થિતિ તંગ.
- ♥ જૂનાગઢની સ્ટેટબેંક પાસેથી ૩૬ લાખની ચીલઝપટ.
- ♥ અમદાવાદ ઝવેરીવાડ પાસે આંગડિયા કર્મચારીઓને લુંટવાનો પ્રયાસ.
- ♥ શહેરામાં ઉર્દૂ શાળાનું મકાન જર્જરીત થયું હોવાથી વાલીઓએ શાળા બંધ કરાવી.
- ♥ સ્પેક્ટ્રમની કિંમત ઘટાડવા ટ્રાઇએ ભલામણ કરી.
- ♥ આજે ઋષીપંચમી અને સામાપાંચમની ગૃહિણીઓએ ઉજવણી કરી.
- ♥ ગોઝારીયા તાલુકો બનતાં ગાંધીનગર જિલ્લો નાનો બનશે.
- ♥ ભાદરવી પુનમના મેળા માટે અંબાજીમાં તંત્ર સજ્જ, પગપાળા સંઘો અંબાજી તરફ પ્રયાણ.
- ♥ જોધપુર જેલમાં આશારામ બાપુની તબીબી ચકાસણી કરાઇ.